The Economic Times (Guj.)

March 8, 2018
Pg.2

EDII

# EDII દ્વારા એમ્પ્રેસારિયો સ્ટાર્ટઅપ સમિટ આજથી

**અમદાવાદ:** આંત્રપ્રિન્યોરશિપ ડેવલમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ)ની વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટ 'એમ્પ્રેસરિયો'એ છેલ્લાં છ વર્ષમાં ૩૦૦થી વધારે નવા ઉદ્યોગસાહસિકોને માર્ગદર્શન આપ્યું છે. સમિટ સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગના માર્ગદર્શકો, રોકાણકારો અને વિદ્યાર્થી સમુદાયો માટે એક્સ્ક્લુઝિવ પ્લેટફોર્મ છે, જે પસંદગીના વિચારોને પ્રોટોટાઇપ ફંડિંગ પ્રદાન કરે છે. ચાલુ વર્ષે એમ્પ્રેસારિયો ૧૦ અને ૧૧ માર્ચના રોજ યોજાશે. એમ્પ્રેસારિયોની વર્તમાન એડિશન 'સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમની વૃદ્ધિને પ્રોત્સાહન' આપવાની થીમ પર ધ્યાન કેન્દ્રિત કરશે તથા તેમાં રોકાણકારો સમક્ષ ૧૧૦ અલગ અલગ સ્ટાર્ટઅપ્સ, પ્રોટોટાઇપ ડેવપમેન્ટ સ્ટેજમાં ૧૮૩ આઇડિયા રજૂ થશે તથા ગુજરાત અને પડોશી રાજ્યોની કોલેજોમાંથી ૧૪૦ વિદ્યાર્થીઓ પ્રારંભિક તબક્કાના વિચારો રજૂ કરવા માટે સહભાગી થશે. આ મીટમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગપ્રધાન સુરેશ પ્રભુ તથા ઇન્ફોસિસના સહ-સ્થાપક ક્રિસ ગોપાલ-ક્રિષ્નન ઉપસ્થિત રહેશે. EDIIના ડાયરેક્ટર ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે,